શ્રી

ચંદ્ર પ્રભાવતી

નાટકનાં ગાયનો.

ધી "નેશનલ" પ્રેસ, મધે એ. ખ. સીપ્રવાએ છાપ્યું છે.

કીમત બે આના

શ્રી

ચંદ્રપ્રભાવતી નાટકની

પ્રવેશવાર હકીકત.

અંક પહેલો.

૧—પ્રારંભમાં મંગલાચરણ સમાપ્ત થતાં ચંપકપુરના રાજા ચંપકસેને પોતાના કુમાર ચંદ્રસેન માટે કન્યા શોધવા મોકલેલો બારોટ આવી રૂપનગરના રાજા રૂપસેનની કન્યા કુવરને યોગ્ય છે એમ કહેછે પણ રૂપસેન ચંપકસેનનો શતરૂ હોવાથી ચંપકસેન પસ્તાય છે ને કુમાર ચંદ્રસેન તથા પ્રધાન બુધ્ધિસાગર મુસાફરી કરવા જાય છે

૨—મુસાફરી કરવા નીકળેલા ચંદ્રસેન તથા બુધ્ધિસાગરને જંગલમ ચોર લોકો પ્રપંચ કરી નીખુટા પાડે છે.

૩—રૂપનગરના રાજા રૂપસેનની કુંવરી પ્રભાવતી બગીચામાં ફરે છે ત્યાં તેને વીંછી કરડતાં અનાયાસ ત્યાં આવી ચડેલો ચંદ્રસેન ઉતારે છે ને બન્નેમાં પ્રેમ થવાથી કુંવરી તેને પોતાને મહેલે તેડી જાયછે.

૪—રૂપસેન પોતાની રાણી સાથે વાતો કરેછે ત્યાં કુંવરીના મહેલમા જતાં ચંદ્રસેનને પકડી કોટવાળ આવેછે. રૂપસેન તેને પોતાનાં શત્રુ નો પુત્ર જાણી કેદ કરેછે.

૫—ચંદ્રસેન કેદ થવાના ખબર સાંભળી પ્રભાવતિ મૂર્છિત થાયછે તેથી રૂપસેન તથા રૂપસુંદરી પુત્રીને પતિ યોગ્ય થએલી સમજી તેનો સ્વયંવર કરવાનો વિચાર કરેછે.

અંક બીજો.

૧—કેદ થયેલા ચંદ્રસેનને પ્રભાવતી મલેછે ને તેઓ બન્ને પરણી જાકે તેવી યુક્તિ રચેછે.

૨—અમથો તથા અમથીના ઘર સંસારની ગમ્મત.

૩—સ્વયંવરમાં પ્રભાવતી ચંદ્રસેનને વરમાળ આરોપેછે તેથી રૂપસિંહ બન્નેને દેશ નિકાલ કરેછે.

૪—અમથો ચંદ્રસેન તથા બુધ્ધિસાગરને ઠગી ગએલા ઠગારાઓને બનાવી ચોરેલો માલ કબજે કરેછે.

૫—પ્રભાવતિ તથા ચંદ્રસેન જંગલમાં વિખુટાં પડેછે ચંદ્રસેન તેની શોધમાં જાય છે પ્રભાવતિ બુધ્ધિસાગર ને મલે છે નેત્યાંથી અમલસિંહ પ્રભાવતિનું હરણ કરી જાયછે જે વાત બુધ્ધિસાગર બ્રહ્માનંદ ગુરૂને પુછી વાકેફ થાયછે ને અવંતી નગરી તરફ જાયછે

૬—અવંતિના પ્રધાનની પુત્રી મનહર દર્શને આવેલી તેને બુધ્ધિસાગર મળેછે ને બન્નેમાં પ્રેમ જોડાયછે.

અંક ત્રીજો.

૧—અમલસિંહ પ્રભાવતિ પર બલાત્કાર કરતાં બુધ્ધિસાગર તેને ઠાર કરેછે પ્રભાવતિ નાસી જાયછે બુધ્ધિસાગર કેદ થાયછે.

૨—અમલસિંહની ખાલી પડેલી રાજ ગાદી ચંદ્રસેનને ઈશ્વર કૃપાથી મળેછે.

૩—એક વાંઢો ઠગાઇ કરી એક વાણીયાંની સ્રીને પચાવી પાડેછે સિપાઇયે। તેને રાજ સભામાં લઇ જાયછે.

૪—અવંતિ નગરીનીં રાજ સભામાં ચંદ્રસેનને બુધ્ધિસાગરની ભેટ થાયછે વાંઢાનો વરઝોળો સભામાં આવતાં તેનો અદલ ઇન્સાફ કરી બન્ને મિત્ર પ્રભાવતિની શોધમાં જાયછે.

૫—પ્રધાન પુત્રી મનહર અજબ રીતે બુધ્ધિસાગરને છેતરી તેના પ્રેમની પરીક્ષા કરેછે.

૬—શીકારે નીકળેલા રૂપસેનને એક ભરવાડનાં કુટુંબ તરફથી પ્રુત્રિ પ્રેમનો ઉપદેશ મળેછે જેથી તે પસ્તાય છેત્યાં પુત્રની શોધમાં નીકળેલો ચંપકસેન તેને મળેછે અને શત્રુતા તજી મીત્ર થાયછે.

૭—ચંપકસેનની છાવણીમાં ચંદ્રસેન આવતાં પીતા પુત્રને સસરા જમાઇ ભેટે છે ને મહાત્મા આનંદની સહાયતાથી બુધ્ધીસાગર પ્રભાવતી મનહર વીગેરે આવી મળેછે ત્યાં દરેકની મનેચ્છા પુર્ણ કરી માહાત્મા આશીર્વાદ આપે છે ને પ્રયોગની સમાપ્તી થાયછે.

સમાપ્ત

શ્રી

ચંદ્ર પ્રભાવતી—નાટકનાં

"મુખ્ય પાત્રો"

ચંપકસેન	ચંપાવતી નો રાજા
ચંદ્રસેન	તેનો પુત્ર
બુધ્ધિસાગર	તેનો મીત્ર પ્રધાન પુત્ર
રૂપસિંહ	રૂપનગરનો રાજા
અમલસિંહ ... —	અવંતીનો રાજા
બ્રહ્માનંદ	એક ત્રિકાળ દર્શી મહાત્મા
અમથો	ચંપકસેનનો હજુરી
પ્રભાવતી	રૂપસેનની પુત્રિ ચંદ્રસેનની સ્ત્રી
રૂપસુંદરી	તેની માતા રૂપસેનની સ્ત્રી
મનહર	અવંતીના પ્રધાનની પુત્રિ
અમથી	અમથાની સ્ત્રી

તે સિવાય—બારોટ ચોર ગોર સાહેલીયો વારાંગનાઓ ગાંડાભટ મારવાડી વાંણીયાણી વિગેરે વિગેરે.

ચંદ્ર-પભાવતી

નાટકનાં

ગાયનો.

અંક—પહેલો

બાળાઓ — ૧

વીભુ અચળ અમલ નીકલ સકળ ગહન ગતી શી તારી ન્યારી—
વીભુ.

તું જળ તું સ્થળ વાદળામાં પણ
સર્વ વ્યાપી શકિત શી તારી—અચળ
તુજ રચનામાં નહીં કાંઇ ખામી
અંતર્યામી સ્વામી છો નામી
જય જય સુખમેવ શરણે તત ખેવ
રહી કરીયે સેવ છે તું એક દેવ
તારણ, હારણ, તાપ એ ધારણ, પાપ નિવારણ
જય સુખ કારણ ધારણ બ્રમ્હાંડ તું કરવારી—વીભુ.

દરબારી— ૨

શ્રીયુત દિવ્ય નૃપાળ ચંપકસેન કૃપાળ
સૃષ્ટીમાં સર્વથી સૈંષ્ટ સુખ શીના પ્રાપ્ત થાઓ
દુર્જન કરીર તરૂપ સુક્યાં સુણી તવ નામ
કીર્તિ શશીતી છાંય દયા ક્ષમા દિલમાંય
સદા રહો તમ ન્યાય—સુખ૦

નાયકાઓ— ૩

નાદર દર દાની દી દીમ દીમ તુમ તુમ તનનનનનન
રૂમ ઝુમ ઝુમ ગાઓ નાચો ઘુમ ઘુમ ઘુમ છનનનનન—નાદર
ધર્મ ધુરંધર ઇંદર જાણે ચંદ્રવંશી સુંદર ગુણ ગાને
મંદિર નૃત્ય કળાદી અંદર પ્રજા સહુ રંજન સુખ દાને
તનનન તુમ થનનન થુમ ઝનનન ઝુમ છનનન છુમ
હો સુખકર નૃપવર, નટવર, સરવર
બરતર તમપર સ્હાય રહોની ઝુમ ઝુમ ઝુમ સનનનનનન—નાદર૦

અમથો— ૪

એજી વાહ વાહ વાહ (૩)
હોય રાજાજી પોતેજ પારખ વિના ના થાય ત્યાં શી મઝા
મુરખની હા ગુણીની ના બધું બધા વદે વૃથા
પુરા અંધા જીવેછે કાં કરીને હા!જી હા—એજી૦
નીશા હોય ઘેરી જ્યાંય, થાય લુટા લુટ ત્યાંય
તેમ અંધ રાજમાંય, ખુશામતી ભેળા થાય

ફૂલી ફૂલી ખુબ ખાય પ્રજા રીબાય
તોય વાય કેવા કાંધિઆ —એ૭૦
પ્રધાન શીખ્યો ન હોય તોય ડોળ ઘાલી જોય
સેનાપતિ બન્યો હોય. ક્યાંથી આવી કાયર કોય
ન્યાયાધીશ લાંચ જોય. રક્ષયત પોક પોક રોય
બંદા આપો આપ જોય ભલે તોય હોય હોય
કહોછ હાંછ હા—એછ પાછ વાછ વાછ૦

મારોટ— ૫

ચંદ્રમુખી સુંદર છબી ન્યારી. શોભે બાળા મન હરણી
શુક ચંચુ સમ. નાક દાંત દાડમની કળી ચંમ્પક વરણી
નેત્ર વિશાળી, રૂપ રસાળી ચાલ ચાલે જેવી કરીણી
ઓષ્ટ પ્રવાળ વાળ નાગણુ કટી સિંહ સમી તે સુંદરીની
ઇંદુ માન તજી એ પાસે આકાશે ચઢીઓ લજવાઇ
શેષ પેઠા પાતાળે. કાંજે વર્ણન કરતાં થાકયો કાઇ
વિદ્યા ધરી ગાંધર્વિ પણ ભરે પાણી એ પાસે બની દાસ
કોટીક જન્મ હિમાળે ગળ્યાં હાથ ચઢી પરણે તે ખાસ

ચંપકરોન— ૬

દુઃખ મ્હોટું જગમાંહી પુત્ર વીનાનું ભાઇ
એથી ન વધુ કાઇ ખુંચાવે મનમાંઇ—દુઃખ૦
હોય કપુત તોય પુત્ર કહાવ વાઝીયા મણું ના રહે
સુધારે સદ્ગુણોથી ઉગારે પુત્ર નરકથી તારે હો
પ્રભુ રાચે સહુ યાચે—દુઃખ૦

ચંદ્રસેન ૭

આશા મૃગજળ લોભાવે લલચાવી છેદુ જાયે
હસતા તો સામુ આવે અવનવા રૂપે ભુલાવે
નમુ નમુ આશા તણા ઝાંઝવાના નીધીને
ઉછાળ તરંગમાં તું મુનીને ચળાવે
લલચાવી ભુલાવીને ઝાંઝને મધ્ય ડુબાવે
લલચાવી છેદું જાયે—આશા૦

તારા— ૮

હો વનમાં વાહો દુખકારીરે ભાઇ ભાઇ
કુદરતની અહીં મોઝો જોવા લાગ ભારી—હો૦
કુંડ કપટ, ઠામો ઠામ, ગામોમાં મસી રહ્યા ત્રાહકારી
અહીં દર નહી કોઇ તણો તલભારી—વાહો૦
ખાવાને ફલ ફુલ રેવા ગુફાઓ પહુઓથી મીત્રા સારી
હજાર ઘણી વિહવાહ ઘાતીથી હારી—વનમાં૦
કીના માતા પિતા કીનીઆ કાયા જૂઠી માયા દો વિહારી
પ્રભુ ભજવો એ છે ખરૂં દુખકારી—હો૦

બુદ્ધિ સાગર— ૯

ચોર લુચ્ચાઓ હરામી સતાવે
નામના નૃપતિ હોય જ્યાં ત્યાં ફાવે—ચોર૦
ખ્વાર જગતને કરવા કેવા રમતા ચળ કપટ દાવે
ધમ ધોકારે લુટ મચાવે

તોડી અભીમાન લઉં સઘ પ્રાણ
શોધું ઠામો ઠામ મને મિત્ર હામ
મળ્યા વિના ચેન ન આવે—ચોર૦

આશા વતી— ૧૦

ખાલી જોબન કળીઓ સુકાય
કરૂં પીયું મળવાને શો હું ઉપાય
મન બહુ ભમતું કશું ન ગમતું
જોર મદનનું જણાય—કરૂં૦
ખાલી વેલી તે કુમળાશે
વૃક્ષ પતિ વીણ સુકાઇ જાશે
અધરરસ આવી કોણ પાય—કરૂં૦
મદન ઉન્મત પડ્યો છે પુંઠે
લાગી આ અંગમાંહી લાય— કરૂં૦

સખીઓ— ૧૧

હો ગ્રીષ્મ તાપથી સહુ અકળાએ
અખીલ ભુવન ચંડ ધર્મથી તવાય—હો૦
કામ બાણે વણ વરણ્યાં વ્યાકુળ થાય
મળે માન્યો તો શી શાન્તી અહીં છવાય
જઇયે જો કેલી કું જમાઇ કર્પુર અંભથી નાહાઇ
ચંદન લેપ કરી કાંઇ વ્યજન તાલ તણો વાઇ
તોય વિરહથી પતિ વીના તરસાવે—હો૦

પ્રભાવતી-કમળા— ૧૨

સખી પ્રેમ વીના પ્રીત નહી કોઇ કામનીરે નહીં કાંઇ કામનીરે
પ્રીતની ન રીત જાણી ઉપરથી પ્રેમ આણી
અહો સુખ લેશું માણી—નહીં કાંઇ કામનીરે—સખી

કમળા—મોહીની બની મદમાતી
વ્હાલી આમ શું શરમાતી
હવે શાને લજ્જા ખાલી—નહી કાંઇ૦

ચંદ્રસેન— ૧૩

મન્મથનું બાણ વાગ્યું હો વાગ્યુંરે
રદય ભેદીને મન રંગીને
પ્રીતી પાસ માંહે છલકીને
રસ ભરતી આ રસ મુર્તિએ
આત્માની માહે વીંટેલી ને
જડાઇ ગઇ ગ્રંથાઇ ગઇ—મન્મથનું

પ્રભાવતી— ૧૪

પ્રિય આવો પતી આવો —હો પ્રિય૦
દેવયાની મન યયાતી જેવા તેવા મારે મન ભાવો
કરૂં તન મન ધન અર્પણ મમ દર્પણ
પ્રાણજીવન કહેવાઓ —હો પ્રિય૦
ઘડી ન વીસારૂં સ્મરણ તમારૂં સ્વામી
પ્રાણપ્યારા, નયનો તારા છો ગુણીયાળા

રૂપર સાળા, તમ આધારા, આ દિન દારા
સ્વામી મારા છો છોગાળા કામણુગારા
કંઇ રખવાળા આવો—હો પ્રીય૦

ચંદ્રસેન— ૧૫

પ્રાણુ પ્યારી તું મુંઝાય અકસાય ઢળકાય
આ તનથી મુજને છો વ્હાલી
અરીને હણીન શાને તું ડરીને
જરી તું છોડી દે શોક ને વાહ વાહ—પ્રાણુ૦
છોડું હું કદી ન પ્યારી ચાલને સંગ તું આનંદે રહીશું
કાલી કાલી વાતો કરી શરમાય મલકાય —પ્રાણુ૦

પ્રભાવતી— ૧૬

રસનાથી રઘોશ પ્રિય આપનો હું જાય
સાચી પ્રીત તારી હૃદયા કોણ ઉજાશ—રસનાથી૦
પીયુશ પાવો પ્રિતિ વ્હાવો
અમર ઝરણું તે સદાવો
માહું ગાવો પ્રેમથી—રચનાથી૦

ચંદ્રસેન— ૧૭

આવું સુંદરી સ્નેહી સાથે
મન્મથ મનવો ભીડી બાથે
ચુંબન આપો પ્રેમથી—રસનાથી૦

સખીઓ— ૧૮

આલો મન મંદારે પ્યારા છો મનહર મુખ રહીયાળા

પ્રભાવતી—અમરામ્રત પાવા પીવા

સખીઓ—સુખ ઉત્તમ પ્રભાનું લેવા

આવો ઝટ સમપ શોભાવો —છો૦

ચંદ્રસેન— અહો ભાગ્ય માનું હું મારાં

મળી આવાં ઉત્તમ દાન

સખીઓ—તજો વ્યર્થ બધાયે ચાળા—છો૦

રાહ જુએ અમારી બાળા

પ્રભાવતી—શાણા સુમન ઉત્તમ ગુણવાળા

સખીઓ—શંકાઓ નહીં શરમાળા—છો૦

રૂપસિંહ— ૧૯

છે ધિક્કાર છે ધિક્કાર ધિ[illegible] તને

જેઓ ટેક તજી કુળને [illegible] કરનાર છે

ધિક્કાર છે, અવતાર છે, ધિક્કાર છે આ[illegible]

ધિક બોળે કુળ નામ ધિક બોળ કુળ નામ ના[illegible] ભુ[illegible] ભ[illegible]—છે

ચંદ્રસેન— ૨૦

જાવાદે લવારી અવીચારી

અહીં છે અહીં છે સાહય મારી કરવા મોરારી—જાવાદે૦

પાવન સંહાર કરનાર સહુનો આધાર

એક ઇશ નહી તે વિણ કાંઇ
છટ છટ ચાલ હટ હટ પાપી મોત ભમે શીષ પર ચડાઇ કરે
સીંહ ધાઇ જાય શું નવાઇ બીક નવ કાંઇ દુર દુર—જાવાદે૦

રૂપસુંદરી— ૨૧

પ્રાણનાથ નવ કરો સાહસ આ
શું જરી રહેમ મનમાં ન આવે
નજરમાં કિશોર છે આ પ્રાણનાથ૦
દોર શોર જોર શું બતાવો તુમે દરવ
કાંઇ કરો આંગ્યા હું આશરો પ્રાણ—પ્રાણનાથ૦

ચંદ્રસેન— ૨૨

છોડી દેની લવારી ચુપ ચુપ
અભિમાની નકામી નાદાની, એ તારી ચુપ ચુપ ચુપ ચુપ
પહેલો નમુ હું વીશ્વપતીને જેના આધારે ઇમાન
પછી નમુ પીતા ચરણે જન્મ આપી પુજ્ય ગણાય
ત્રીજે નમુ હું અગ્નિને નર્ગના જેથી કટકા થાય
તોડું ગુમાન તારૂં આ ઠામ
છોડું ન જેને છુટો કર આવારો ચુપ ચુપ ચુપ ચુપ—છોડી૦

રૂપસિંહ— ૨૩

તમે જાઓ લઇ જાવ જાવ લઇ જાવ
પુરોની એને દુર્ગમાં
દુશ્મનનું વેર લાખું હું વિસારૂં કેમ દાવ

ફરતે પહેરે પુરો એને ન ભુલ જરી થાય
કરવો છે એને ઠાર આવાર જલદી જાવ

આખીઓ— ૨૪

હારે હારે સોહે શુંગાર વેણી ફુલવાળીશી
વાહરે વાહરે કંઠે મોતીનો હાર ગાલે ગુલલાલીશી
સેંથે સીંદુર નાકે નથડી રૂપાળી નવલ યૌવનનો બ્હાર
રસીક ભરથાર જોઇ રીઝે વ્હાલીશી—હારે૦
પાયે નેપુર ચમકે ચાંલ્લો લલાટે
નેત્ર કાગળ કેવાં કંકણ હાથે
હો અલબેલી મદ લચકેલી તાલાવેલા
અવી કેવી ઘેલી વાતો કરે કાલીશી—હારે૦

પ્રભાવતી— ૨૫

ચાલ ફર વેલી રંગી આ શું કામ છે

અંચળા—વાહ આનંદે ઉછરંગે રસરંગે પાયુસંગે

ચકોરી } પ્યારી મેલવવાની હામ છે—ચાલ ફર૦
કમળા } પહેલાં સઉ સુખકારી કરૂં જે તઇઆરી

પ્રભાવતી—જોજે આવે નહીં ખામ

ચકોરી } આમ મુઝાઓ શું કામ
કમળા }

અંચળા—હાં હાં હાં હવે ઝટ કરો

કમળા } વેલા લીયો પરવારી
ચકોરી }

પ્રભાવતી—વારી નહિં મારી

કમળા—હું આવી આ વારી

ચકોરી—આ હું આવી

મંજુલા—આજ્ઞા ઉઠાવી

કમળા—લાવું બજાવી

ચંચળા—લ્યોની આ આવી

પ્રભાવતી—મળવાની મને હામ છે —ચાલ ફર૦

અંક ૧લો સમાપ્ત.

અંક ૨ જો

ચંદ્રસેન— ૨૬

વાહા આધાર સહુનો મોરારી
તું વારી સ્હાય થઇ કર મારી
પુર્વ જનમમાં પાપ શું કીધા આમ સહુ કષ્ટ ભારી—વાહ૦
ભકત તણો તું ત્રાતા સુખનો વીઘ્ન વીદારી
માત પીતા વ્હાલાથી વછોટી શાને મુઝાને તું ભારી—વાહા૦
ક્યાં મન વઇભવ ક્યાં સુખ સીમા ક્યાં આ બંધન ભારી
માયા મય પ્રભુ ઠાઠ શો તારી નાટક લીલા વીસ્તારી -વાહ૦

પ્રભાવતી— ૨૭

મારી પીયુ લાગી તમથી પ્રિત
ક્યાં તજી જાઉ હું વ્હાલામાં - મારી૦
તમ વીણ ચેન નહિં પછી કેમ ચાલે
મારે મન ઘડી યુગ જેવી જણાય
ઝોટો છનનનનનનનનનનનનન—મારી૦

સાંખી.

સાચી પ્રતિ માનની જળવીણ જીવે કેમ
તમ દર્શન વિણ તરફડે આ જીવન પણ તેમ—મારી પીયુ લાગી૦

પ્રભાવતી— ૨૮

સ્વામી મળવાની લાણ વ્હાય આ પ્રાણુ—સ્વામી૦

ચંદ્ર—તુંજ આધારે જીવન દોરી

પ્રભા—કરો શું વખાણ સ્વયંવર લાણ

ચંદ્ર—તારે હાથ પ્રાણ

પ્રભા—લેજો મારા પ્રાણ પ્રાણ પ્રાણ પ્રાણ પ્રાણ—સ્વામી૦

ચંચળા—હવે ચાલો બહુ ગાળો વખત ન કાલો

જરી ભાળો સઉ તાલો કોક પકડે બાજી

બગડે થશે હાણ—સ્વામી૦

ચંદ્રસેન ૨૯

વીજળી સ્લાકારે પ્રગટી ર્હદયમાં જોતી

ઉજવળ રાજે ર્હદયે આજ મારે તેનીયે

કટાક્ષ મુર્તિ હાવ ભાવે દ્રવે જે રસાળ—વીજળી૦

દ્રષ્ટિ પંથમાં ઝબકે ચમક રાજહંસ કેરી

ચાલ હંસીની રૂપાળી ગતી નેપુરનો

થતાઝણકાર વીંધી કાનમાં રમતું ગમતું—વિજળી૦

મીઠી તથા પાડોશણ ૩૦

ચાલ મારે ઘેર કોણ વઢે

ચુપા ચુપ કરી બેસી જાઓ

અમથી—હાંજી હાંહાંહાં ચાલ મુઓ ભડે છે ગાળ

ભલે એનું ઘર બાળે લે થુ

અમથો—તારી માને થુ તારા બાપને થુ
તારા માટીને થુ તારા ઉપરને થુ
તારી જીભને થુ તને થુથુથુથુથુ

મીઠી—બેઉમાં ઓછપ તમે પણ છાના નહી
એકને ટકર મારો કાંઇ

અમથો—રાંડ આવી કરવાને તું હાજી હા

મીઠી—મુવા મારે નકામો થુ ગાંજ્યા

અમથી—રોયા તારે નામે લઉ હું છાજ્યા
જો આ છાજ્યા છાજ્યા છાજ્યાં
પીટયા ઘરને ટાંટી લાગી જાઓ—ચાલ૦

સખીઓ— ૩૧

શોભે શું રચના મંડપની દેશોદેશના ભુપ નીહાળીયે
સજ્જ થાઓ બેની કુમકુમને વરમાળ હસ્તમાં ઝાલીયે
વિપ્ર વેદ ધ્વની મંગળ કરતા જુઓ કોણ પરણશે
વરજો કોઉથી મનનો માનીતો ઝટ કરો થાળ લઇ હવે
ચાલીયે—શોભે૦

પ્રભાવતી— ૩૨

ભલે મારો સુજને તાતરે સુખે ઠારો તમે હાથરે
પ્રાણથી પ્યારો એ છે વ્હાલો કેમ તજાય હવે સાથરે—ભલે૦
એને બચાવો દયા લાવો આમ કરો શું ઉત્પાતરે

મેં આપ્યો એને હાથ પાપી છું આકુંછું
માગું છું ક્ષમા હું પાસેથું ત્રિગી છુ કરો શીર પાતરે—ભલે૦

પ્રભાવતી— ૩૩

માતા શોક ન કર તુ પ્રભુની જે ઇચ્છા થાય

રૂપસુંદરી—પુત્રી પ્રેમથી પાળી તને તજતાં આંસુ ભરાય

પ્રભાવતી—[illegible]
બન્યું તે બને જવાદે મને પ્રણમું [illegible]—માતા.

અમથા— ૩૪

હો ઢમ ઢમ ઢમ ઢમ વાગે માગાં ઢાલકાં
આજે બન્યો હું કેવા જાણે માતા કાલકા—ઢમ૦
લટકાળી નાર બની મટકાળી ચાલ કરી
[illegible] હાસીના ઝાલકા—હો ઢમ૦
ટગર ટગર જોઈ ચાલું અણીયાળી આંખ મારૂં
ચટકાને છણકનાં [illegible] છાલકા—હો ઢમ૦
ઘુંઘટ તાણી ચાલું છાની [illegible] કહાણી—હો ઢમ૦

ઠગારા— ૩૫

ઓડીવારમા તાંમારી [illegible] ગભુને માતા
[illegible]

અમથા—ફુઙુ ફુઙુ ફુઙુ ફુઙું

ઠગારા—વહમી તું માવડી [illegible] બાવડી

અમથો—હુડુ હુડુ હુડુ હુડુ

ડગારો—ખાંધા આપણે

અમથો—હુડુ હુડુ હુડુ હુડુ

ડગારો—ઘરનું લાપસી ને શાક સાથે મેલ દુધપાક
વડા તણું સાકમ સાક જમણ કરતી નાં પસાત

અમથો—સુસુ સુસુ સુસુ સુસુ

ડગારો—સુણ સાપ હાસ બાપરે જીવ્યા આપણ
હવે ના તુ નડજે માતા ના તુ નડજે—બેડીયાર.

પ્રભાવતી— ૩૬

પતિ સંગે નીત રંગે ફરતું, તરસ્યું, હરખ્યું ઉછરંગે
જાત ભાતનું ભાન કરાવ્યું ભારી ઉમંગે
ચડવાના નદ અંગે—પતિ૦
ભર મંડપમાં ભય ન પામી પ્યારા પ્રિતમે
વશ કીધા ઉમંગ—પતિ૦

પ્રભાવતી - ૩૭

પીયે પાસુજ પ્રેમથી જાણ્યાની હાંરે ચિંતા વિસારી
સ્વામીજી નિદ્રાથી વિસારો આપદા
ચરણ ચાંપુ હું દાસી દીન તમારા—હાં પોઢો૦

બુદ્ધિસાગર— ૩૮

હું જાઉં હું જાઉં ધરી હિમત ધરી હિમત
લાવું હું લાવું હું કુમાર પત્નિ લાવું
નહીં છોડું નહી છોડું હું દાંત એના તોડું
શોધું અરી ગયો હરી દશા ફરી છે એની
પ્રભુજી લાજ રાખે સાચ આંચ આવે
નહિ વેર લેવા જાઉં હું જરૂ.

સખીયો— ૩૯

આવો વધાવો (૨) મંગલ મુરતિ મનહર રાવા
વલ્લભની આવો૦
માગો સાહેલી વહેલી વહેલી
ઇચ્છા પૂરે કરૂણાળુ બની—આવો૦
અંતર્યામી એ ઓળખી અંતર
સત્વર સુખકર મેળવશે
મનને ગમતો સુંદર મોહન
તન મનની પીડા હરશે
ફુલડે વધાવી પ્રેમ હેમને થાગો ધન્ય
કારજ સરશે—આવો૦

સખીઓ ૩૯

શું બાઇ કરમાવો કોમળ ગુલાબી આ ફુલ
યોવન નવરંગેથી કાંઇ ખીલતું પટકે શી લાલી અમુલ—શું૦

રંગનો રસીલો વ્હેલો આવીને મળશે ફીકુ પાડો શાને નુર—શું૦
ધીરા નયનોથી નયનો મોલાવી ખોલવશે પ્યારૂ આ ગુલ—શું૦

સખીઓ— ૪૦

રહેજે વહાલી સાહેલી સૌભાગ્યવંતી
જોડી આ કામ રતી તણી જોઇ હર્ષ અતી
નમીએ વીશ્વપતી નમીએ વીશ્વપતી
કરજે દુર વીપતી વાહ વાહ વાહ વાહ વાહ—રહેજે૦

મનહર—કરીને સેવા હું રીઝવીશ મુંગટ મણી
લક્ષ્મી લ્હાવા થઇ રસીકની હૃદય રમણી
પ્રભુની આ મુર્તી સેવીને થઇશ સતી (૨)

સખીઓ—વાહ વાહ વાહ વાહ વાહ વાહ-રહેજે૦

બુધ્ધીસાગર—બની તું ભાગી સંસારના સુખોની પ્રીયા
કદી નહી દેખુ અવતાર સાથ અન્ય વીના
સમ એ શુધ્ધ મતી થશો લઉ છુ પુતળી (૨)

સખીઓ—વાહ વાહ વાહ વાહ વાહ—રહેજે૦

અંક ૨ જો સમાપ્ત.

અંક ૩ જો

પ્રભાવતી— ૪૧

ગુણવંતા આવોરે બ્હેનને લેજો ઉગારી
દુ:ખથી પોકારેરે બાળા બની અતિ દુખીયારી
દ્રઉપતિ કેરા ચીર પુરતા લગાડી જરી નહી વાર
અહલ્યાને ઉગારતા કર્યો ન કાંઇ વિચાર
પ્રભુ તમે કર્યો ના કાંઇ વિચાર—ગુણ૦

અમલસીંહ ૪૨

સુંદર સઘડ પ્યારી મોહ થશ મારનારી
તન મન ધન હરનારી જો
પતિત રક્ષણી છો પુન્યકાના ચલીત ચિત કરનારીજો

પ્રભાવતી—તારી બુરી વાત નહી સરનારી જો
પાળી શીયળ ધર્મ નર નારી જો
લાલચુ વિચારી જો લાલચુ વાચારી જો
બુધ્ધિ બગાડી શું બેઠા કાંઇ ધર્મ મર્મ વિચારી જો
સાર નારી ધાર નહી આ નારી જો—સુંદર૦

અમલસીંહ— ૪૩

પ્યારી જરા બોલ વ્હાલા મારી સાથે
નારી જરા બોલ શાણી મારી સાથે
મુજને કાં અકળાવે સતાવે તરસાવે—જરા૦

સાખી

ચિંતા તજ તું કામીની, ધરી હર્ષ મનમાય;
અવર મનન તજે ભામીની, અતી સુખ પામીશ પ્હાય
શાને ગ્રહે છે સકલ દુઃખ માથે તરવેસા—જરા બોલ૦

પ્રભાવતી— ૪૪

જારે જારે ઓ મુરખ નાદાન આમ શાને
ફુસલાવે પટાવે મનાને સતાવે—જારે૦
ધીક ઓ લંપટ તને ધીક તુજ સુખને
પ્રાણ જતે હાણ થતે મેલુ ના જે શીયળને
સાને કાંફા મારે તું તો મોત માગા લીયે છે હાથે
નાદાની બતાવે લલચાવે ફોબાને—જારે૦

ગોરોભટ— ૪૫

બહારી વીના જન્મારોરે લાગે ખારો—બહારો૦
રહેવાને ઘર ના આપે સુવાને સ્થાન ન આપે
દુઃખીયારો વાંઢાનો જન્મારોરે—બહારો૦
વાંઢાના ઘરમાં દળવા આવે નહીં પાણી ભરવા
વાંઢા ભરૂંસો નહી તારોરે—લાગે ખારો૦
વાંઢાની ભોંય પથારી ઘરમાં નહિ લોટો થાળી
વાંઢાનો પંથ સઉથી ન્યારોરે—લાગે ખારો૦
વાંઢાની ઇજત જુવો હવે તો ગોતું કુવો
કોઇ દુઃખીયાની દયા લાવોરે—લાગે ખારો૦

દરબારી— ૪૬

મળ્યા છો આપ ભુપની પ્રજા સંભાળો પ્રીતથી
કરોને રાજ હમોપર હવેથી એક ચીતથી
છે રાજની અભાગણી ન હોય જેને પ્રજાપતિ અનાદિને મલી ગતી
આજે આનંદ તો અતી —મળ્યા૦

મનહર— ૪૭

સખી ના આવ્યા હજુ શામ એવું તે શું આવ્યું કામ
કે લોભાવ્યા બીજે કોઈએ રસીયા—સખી૦
કેમ ધારૂ ધીર નીંદ કામ મારી નીર
મારૂં સુંદર શરીર રાખે ન દયા— સખી૦
ઘન ગર્જનાને મયુર નૃત્ય ભરે નીસાસા ઉરમાં
ડુબીશ કે હું તરીશ પડી આશા નદીના પુરમાં
એ ન સમજા પીયુ પીયુ ભજું કોઈ કહીને એ કેમ થયા—સખી૦

સમા— ૪૮

લીધી જાણી વાલમ વાંકી વાણી
મેલા મનના જણાવ્યા મારગ મુકીને—લીધી૦
પુરી ખુણે બાળી ભોળી કોઈની કુમારી
સમજાવો આડી અવળી વાત પરાણે શું ઝુકીને—લીધી૦

બુધ્ધીસાગર—કદી નહી શાણી રાણી હવે છટકારો
ચાલો રમાડુ રંગે રાત સમય ના ચુકીને—લીધી

મનહર—વાહરે કસીયા ફેંકટ ફસીયા
મન હરનારીએ બહુ કસીયા
જરા તપાસો કોણુ ઉભી ત્યાં

બુધ્ધીસાગર—માનો પ્રીય માનો પ્રીય માનો
ડસીના કુદોને—લીધી૦

મનહર— **૪૯**

નહી થાવા દઉ રદય રસીકવર આ દષ્ટીથી દુર
આ દષ્ટીથી દુર થશો તો જાશે જીવ જરૂર—નહી૦
કામણુગારા કેદ થયા છો કામની રદય કપાટ
ન જવાશે પારવાસ એમ થાશે તો રાસાશે
આ તન મન ધન અર્પણ કરનારી
અતિ અકળાતી ઉર—નહી૦

બુધ્ધીસાગર—આફત કાળે આ હદવાલાં
નવ શોભે તમ અંગ
હઠ ઝાઝી કરવાથી રીપુ રાજી થઇ બાજી
સઉ બગાડશે માટે દયો જાવા તુરત ફરીશ હણી કુરૂર—નહી૦

રૂડકી-પુંજો— **૫૦**

અલ્યા ગાડર સરાવો હીમમાંરે હો
અલ્યા ડાંગ ઝાલી હાથ માંહી
મારી બાપો કરૂં સાલો હીમમાંરે હો

અલ્યા ખાવાને રાબ જાર રોટલારે હો
અલ્યા હો હો હો હો વાંટો થાય

પુંજો—હો ખાંધે મેલીં કામળા કહુની બાંધી પાગ
અને હુવા હાથગો જુંપડી હોય તો જબરા ભાગ્ય—અલ્યા૦

છોકરા—હો બાપા સાટે હીમમાં તારે બેટા તાણે હાથ
અને બોરાં જેને ના આણ્યાં તો રડ્યું ઉઉ હાથ
એની બછયર કહે હાલ્લો લાવજેરે હો
નાતો ધબ ધબ ઢીકા ખાય—મારો૦

સિપાઇઓ— ૫૧

સાચા તેઓ રણ ધીરીયા જેઓ જંગમાં
જુઝે નાગે ભાલા તોયે જંગમાં જુઝે
ભડભટો ભડ ભાગી ધુરન્નવતા રણભુમી પડે શીર તો જુઝે—સાચા૦
જેનું નામ સુણી હાંજા ગગડી જાય શુરા શતરૂ પણ થરથર ધ્રુજે
દેહ પડે થયું તો શું પણ નામ અમર કરવા ન ચુકે-સાચા૦

સમાપ્ત